EDII

**Sandesh (Supp.: Citylife)**

**June 11, 2022**
**Page No. 01**

# ઇનોવેશન, ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટઅપ જેવાં ક્ષેત્રો દેશનું ઉજ્જવળ ભવિષ્ય છે : રાજ્યપાલ

**૧૪૭ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો સાથે ૧૩૯ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં ૮ વિદ્યાર્થીઓને ફેલોની ડિગ્રી અપાઇ**

**સિટી લાઇફ |** શુક્રવારે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા(EDII)નો ૨૧મો પદવીદાન સમારોહ EDII કેમ્પસ ખાતે યોજાઈ ગયો. જેમાં ૧૪૭ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો, ૧૩૯ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને મેનેજમેન્ટમાં ૮ વિદ્યાર્થીઓને ફેલો સામેલ હતાં. આ પ્રસંગે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં તથા તેમણે પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું. રાજ્યપાલે ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને સ્કોલોસ્ટિક મેડલ્સ પણ એનાયત કરીને કહ્યું કે ઇનોવેશન, ઉદ્યોગ સાહસિકતા અને સ્ટાર્ટઅપ જેવા ક્ષેત્રો દેશનું ઉજવળ ભવિષ્ય છે. જે દિશામાં કામ કરવાની જરૂર છે.




## ઇડીઆઇઆઇ ચાર આફ્રિકન દેશોમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર્સ સ્થાપશે

ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તથા આઈડીબીઆઈ બેંકના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ રાકેશ શર્માએ કહ્યું કે, 'ઈડીઆઈઆઈ ઈનોવેટિવ મોડલ્સ દ્વારા વિવિધ સેગમેન્ટ્સ અને સેક્ટર્સમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેની માટે ઈન્સ્ટિટ્યૂટ ઊભરતાં ઉદ્યોગસાહસિકો, વર્તમાન ઉદ્યોગસાહસિકો, ઈન્ક્યુબેશન સેન્ટર્સ, વેન્ચર કેપિટાલિસ્ટ્સ અને નીતિ ઘડવૈયાઓ જેવાં હિતધારકો વચ્ચે રચનાત્મક સંકલન પણ કરી રહ્યું છે. ઈન્સ્ટિટ્યૂટ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયો અને વિભાગો સાથે કામ કરી રહી છે તેમજ દેશમાં વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મજબૂત ઉપસ્થિતિ ધરાવે છે. તાજેતરમાં ઉઝબેકિસ્તાન અને રવાન્ડામાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર્સની સ્થાપના સાથે વિકસિત દેશોમાં આવા સેન્ટર્સની સંખ્યા વધીને ૬ થઈ છે. ભુતાન અને બીજા ચાર આફ્રિકન દેશોમાં સેન્ટર્સ સ્થાપવાનું કામ પ્રગતિમાં છે.'